# Shri Govind Guru University, Godhra
**(Established Vide Gujarat Act No. 24/2015)**

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ,ગોધરા
**( ગુજરાત એકટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)**

Azadi Ka Amrit Mahotsav

નં એસજીજીયુ/એન.એસ.એસ./૨૦૨૨/ 12284 તા- ૦૪/૦૬/૨૦૨૨

પરિપત્ર: 2697

વિષય : ૫ મી જૂન-૨૦૨૨ના રોજ વૃક્ષારોપણ તેમજ પર્યાવરણ વિષયક કાર્યક્રમ યોજવા તેમજ ત્યાર બાદ કરવાની કામગીરી બાબત.

સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ઈ-મેઈલ પત્ર ક્રમાંક: જા.ક્ર.:-NSS/વિશ્વ પર્યાવરણ દિન/૨૦૨૨/ ૭૦૦૦-૭૬૪૩ તા.૦૩/૦૬/૨૦૨૨

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા એન એસ એસ વિભાગ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા પ્રોગ્રામ ઓફિસરને જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ઈ-મેઈલ પત્ર અન્વયે "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણીના ભાગ રૂપે એપ્રિલ-૨૦૨૧થી ભારત સરકારના યુવા અને રમતગમતમંત્રાલય તથા ગુજરાત સરકાર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા જણાવેલ છે. તા.૫ મી જૂન-૨૦૨૨ના રોજ "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી કરવા જણાવવામાં આવે છે.આ દિવસે પર્યાવરણ સુરક્ષા, વૃક્ષારોપણ તેમજ અન્ય કાર્યક્રમો યોજવાના રહેશે. તે સિવાય નીચે મુજબ કામગીરી કરીશું.

(૧) કોલેજ કેમ્પસમાં ખુલ્લી જગ્યામાં નડતરરૂપ ના થાય તે પ્રકારે વૃક્ષારોપણ કરીએ.
(૨) વરસાદનો પ્રારંભ થાય ત્યારથી જ ફળાઉ વૃક્ષો જેવા કે આંબો,રાયણ,જાંબડો,આંબલી,આંબળા,જામફળ,ગુંદા, ચીકુ,દાડમ, લીંબુના વૃક્ષોનું વાવેતર કરી ટ્રી ગાર્ડથી સુરક્ષિત રાખીશું.
(૩) કોલેજોના દરેક અધ્યાપક તેમજ આચાર્યશ્રી એક વૃક્ષ ઉગાડે, ટ્રી ગાર્ડથી સુરક્ષિત બનાવે તેમજ લીંબડો,વડ,બોરસલ્લી, ગુલમહોર, સોનમહોર જેવા વૃક્ષો પણ ઉગાડવામાં આવે તેવા પ્રયાસો કરવા.
(૪) દરેક કોલેજ દ્વારા વૃક્ષારોપણ બાબતે પ્રયાસોની અત્રે જાણ કરવી. દરેક વિદ્યાર્થી અને વિદ્યાર્થી સમુહને વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિમાં સાંકળવામાં આવે તે જોવું.

દરેક કોલેજોએ ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે યોજાનાર વિવિધ કાર્યક્રમો તેમજ વૃક્ષારોપણનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભાગ લીધેલ સ્વયંસેવકોના નામ, ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક તથા ફોટોગ્રાફ યુનિવર્સિટી,એન.એસ.એસ.વિભાગના ઈ-મેઈલ- nss@sggu.ac.in અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીના ઈ-મેઈલ che.nssgujarat@gmail.com પર મોકલી આપવાના રહેશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા

બીડાણ:-
- સંદર્ભ દર્શિત પત્ર

નકલ રવાના :-
- એન.એસ.એસ. સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ પ્રોગ્રામ ઓફીસરો તરફ જાણ સારૂ.



...projector=1&messagePartId=0.1 1/1

Government of Gujarat

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

Azadi Ka Amrit Mahotsav

જા.ક્ર.:-NSS/ વિશ્વ પર્યાવરણ દિન/2022/ 7000-7643 **By Email** તા.03/06/2022

**પ્રતિ,**

- રજીસ્ટ્રારશ્રી,તમામ યુનિવર્સિટીઓ
- આચાર્યશ્રી,તમામ કોલેજો
- પ્રોગ્રામ કો.ઓર્ડિનેટરશ્રી
  એન.એસ.એસ. સંલગ્ન યુનિવર્સિટી,
- તમામજિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,

**વિષયઃ- ૫ મી જૂન-૨૦૨૨ના રોજ વૃક્ષારોપણ તેમજ પર્યાવરણ વિષયક કાર્યક્રમ યોજવા તેમજ ત્યારબાદ કરવાની કામગીરી બાબત**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણીના ભાગરૂપે વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોને એપ્રિલ-૨૦૨૧થી ભારત સરકારના યુવા અને રમતગમત મંત્રાલય તથા ગુજરાત સરકાર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા જણાવેલ છે.તા.૫ મી જૂન-૨૦૨૨ના રોજ "વિશ્વ પર્યાવરણ દિન" નિમિત્તે આપના તાબાની કોલેજો/શાળાઓને ૫ જૂન પર્યાવરણ દિવસની ઉજવણી કરવા જણાવવામાં આવે છે. આ દિવસે પર્યાવરણ સુરક્ષા,વૃક્ષારોપણ તેમજ અન્ય કાર્યક્રમો યોજવાના રહેશે. માત્ર ૫ મી જૂનના દિવસે ફક્ત વૃક્ષારોપણનો કાર્યક્રમ કરીને અટકી નહી જઈએ તે સિવાય નીચે મુજબ કામગીરી કરીશું.

(૧) યુનિવર્સીટી તેમજ કોલેજ કેમ્પસમાં ખુલ્લી જગ્યામાં નડતરરૂપ ના થાય તે પ્રકારે વૃક્ષારોપણ કરીએ.

(૨) વરસાદનો પ્રારંભ થાય ત્યારથી જ ફળાઉ વૃક્ષો જેવા કે આંબો,રાયણ,જાંબડો,આંબલી,આમળા,જામફળ,ગુંદા,ચીકુ,દાડમ,લીંબુના વૃક્ષોનું વાવેતર કરી ટ્રી ગાર્ડથી સુરક્ષિત રાખીશું.

(૩) કોલેજોના દરેક અધ્યાપક તેમજ આચાર્યશ્રી એક વૃક્ષ ઉગાડે, ટ્રી ગાર્ડથી સુરક્ષિત બનાવે તેમજ કાળજી લેવાય તે સુનિશ્ચિત કરીશું.ફળાઉ વૃક્ષો ઉપરાંત લીમડો,વડ,બોરસલ્લી, ગુલમહોર,સોનમહોર જેવા વૃક્ષો પણ ઉગાડવામાં આવે તેવા પ્રયાસો કરવા.

(૪) દરેક કોલેજ દ્વારા વૃક્ષારોપણ બાબતે કરેલ પ્રયાસોની અત્રે જાણ કરવી. દરેક વિદ્યાર્થી અને વિદ્યાર્થી સમૂહને વૃક્ષઉછેરની પ્રવૃતિમાં સાંકળવવામાં આવે તે જોવું.

આપની યુનિવર્સીટી સંલગ્ન કોલેજો/ કચેરી/ શાળાઓને ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિતે યોજાનાર વિવિધ કાર્યક્રમો તેમજ વૃક્ષારોપણનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભાગ લીધેલ સ્વયંસેવકોના નામ,ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક, તથા ફોટોગ્રાફ આ કચેરીના ઇમેઈલ એડ્રેસ che.nssgujarat@gmail.com પર મોકલી આપવાના રહેશે.

(મહેશ મહેતા)
રાજ્ય એનએસએસ અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના :

- સચિવશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિનું કાર્યાલય,ગાંધીનગર

ઇ-મેઇલ આઇડી :-nss.uni.hc-che@gujgov.edu.in, nss.deo.sc-che@gujgov.edu.in, nss.svks.jc-che@gujgov.edu.in